**<u>આરોપી તરફેની આંક–૧૮ની પુરસીસ નીચે વધુ હુકમ</u>**

૧. વિ.એ.પી.પી.સુ.શ્રીએ ઉપરોકત અરજી સેકન્ડ સીટીંગમાં આપેલ છે અને સેકન્ડ સીટીંગમાં આરોપીના વિ.વકીલશ્રી હાજર નથી, સવારના સીટીંગમાં હાજર હતા અને ડોકયુમેન્ટ વિ.એ.પી.પી.શ્રી તરફથી આરોપીને જે બાકી હોય તે મળી જાય અને તે ચેક કરી લે તે બાબતે બંને પક્ષે બાકી રખાવેલ અને સવારે આરોપીના વિ.વકીલશ્રી ઓ.એસ.જાડેજા તથા તેમના કલીગ અન્ય વિ.વકીલશ્રી હાજર હતા, ત્યારબાદ વિ.વકીલશ્રી ઓ.એસ.જાડેજા પછી આવેલ નથી પરંતુ તેમના અન્ય વિ.વકીલશ્રી મૌખીક રીતે મુદત તા.૧૩/૦૭/૨૦૨૬ કે તે પછીની રાખવા વિનંતી કરેલ અને મુદત અરજી પોતે પુછીને આપે છે તેમ જણાવી પરંતુ ત્યારબાદ તે વિ.વકીલશ્રી આવેલ નથી અને વિ.એ.પી.પી.સુ.શ્રીએ સેકન્ડ સીટીંગમાં ઉપરોકત પુરસીસ તથા આંક–૧૯ થી ડી.ઇ.લિસ્ટ રજુ કરેલ છે અને આ કામ આંક–૧૨ના હુકમ મુજબ મુદત તા.૦૪/૦૭/૨૦૨૬ એ આંક–૧૭ની અરજી સાંભળવા માટે રાખેલ અને આંક–૧૭ની અરજી સાંભળતા પહેલા આરોપીને કોઇ ડોકયુમેન્ટો મળવાના બાકી છે કે કેમ? તે આરોપી તરફે વેરીફાઇ કરી શકે તેટલા પુરતી મુદત તારીખ ૦૩/૦૭/૨૦૨૬ રાખેલ અને આજ રોજ વિ.એ.પી.પી.સુ.શ્રી સેકન્ડ સીટીંગમાં ઉપરોકત પુરસીસ રજુ કરેલ છે અને સાથે નિ.૧૯/૦૧ થી ચેટની નકલ રજુ કરેલ છે જે ચેટની નકલ જોવામાં આવે તો તેમાં વિ.વકીલશ્રી ઓ.એસ.જાડેજાનું નામ દર્શાવેલ છે તે ડી.ઇ. લિસ્ટ રજુ કરેલ છે અને તે ડી.ઇ. લિસ્ટમાં જે ચેટ રજુ કરેલ છે તે ચેટમાં જે અમુક હકીકત લખેલ છે તે જેણે લખેલ હોય તેણે તેવુ લખવું યોગ્ય ન કહેવાય છતાં તે ચેટનું પાનું એક નિ.૧૯/૧ આંક–૧૯ના લિસ્ટ સાથે રેકર્ડમાં રાખવું. આ કામ યુ.ટી.પી. હોય જેથી આરોપીના ન્યાયના હિતમાં કામ તા.૦૪/૦૭/૨૦૨૬ના રોજ કલાક ૧૦.૪૫ એ રાખવામાં આવે છે અને આંક–૧૭ ની અરજી સાંભળવા માટે તથા ચાર્જ અંગે સાંભળવા રાખવામાં આવે છે અને ઉપરોકત આંક–૧૮ની પુરસીસ રેકોર્ડેડ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૩ જુલાઇ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૦૩/૦૭/૨૦૨૬
ભરૂચ

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ, ભરૂચ.
**(U.I.CODE-GJ00659)**